# ઘ-૫ ખાતે ખાડામાં પડેલી ગાયને ફાયર ટીમે હેમખેમ બહાર બચાવી



(તસવીર : નિકેશ બારોટ)

ગાંધીનગર, તા.૧૭

શહેરના ઘ-૫ કોર્નર પાસે સેક્ટર-૧૭ ખાતે ગઈકાલે રાત્રિના સમયે ગાય ચરતા-ચરતા અચાનક પગ લપસતા ખાડામાં પડી હતી. ખાડામાં નવીન બની રહેલ પાણીની ટાંકીની દિવાલ વચ્ચે ગાય ફસાઈ ગઈ હતી. જેને ફાયર બ્રિગેડની ટીમ અને ગોપાલક સમાજના યુવાનોને અડધો કલાકની ભારે જહેમત બાદ ગાયને ખાડામાંથી બહાર કાઢવામાં સફળતા મળી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ નગરના સેક્ટર-૧૭, ખાતે ગઈ કાલે રાત્રીના સમયે ગાય ચરતા ચરતા અચાનક પગ લપસતા ખાડામાં પડી હતી. ખાડામાં નવી બની રહેલ પાણીની ટાંકીની દિવાલ વચ્ચે ગાય ફસાઈ ગઈ હતી. જેને ફાયર બ્રિગેડની ટીમ અને ગોપાલક સમાજના યુવાનોએ અડધો કલાકની ભારે જહેમત બાદ ગાયને ખાડામાંથી બહાર નીકાળવામાં સફળતા મળી હતી

પ્રાપ્ત માહિતી મુજબ નગરના સેક્ટર-૧૭ ઘ-૫ કોર્નર પાસે ગઈ કાલે રાત્રિના સાડા દસ વાગ્યાના અરસામાં ગાય ચરતા ચરતા અચાનક ખાડામાં પડી ગઈ હતી. ખાડામાં નવી બની રહેલ પાણીની ટાંકીની દિવાલ વચ્ચે ગાય ફસાઈ ગઈ હતી. ગાયે ખાડામાંથી બહાર નીકળવા અનેક પ્રયત્નો કર્યા હતા છતાં બહાર નીકળી શકી નહોતી ગાય ખાડામાં પડયાની જાણ ગોપાલક ભાઈઓને થતાં તેઓ આવી પહોંચ્યા હતા અને ફાયરબ્રિગેડને કોલ કર્યો હતો.

કોલ મળતા જ ફાયર ઓફિસર મહેશ મોડ તેમની ટીમ સાથે ઘ-૫ ખાતે આવી પહોંચ્યા હતા અને ગાયને બહાર કાઢવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. ફાયર ટીમ અને ગોપાલક ભાઈઓની અડધો કલાકની ભારે મહેનત બાદ ગાયને ખાડામાંથી બહાર લાવવામાં સફળતા મળી હતી. ખાડામાં ગાય ફસાયાની જાણ સ્થાનિકોને થતાં લોકોના ટોળે ટોળા જોવા માટે ઉમટી પડયા હતાં.

# સેક્ટર-૨ના રીંગરોડ પર મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

## સ્કુટી પર સખી સાથે જઈ રહ્યા હતા અને ચાલુ બાઈકે ચેઈન સ્નેચરોએ હાથ અજમાવ્યો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં ચેઈન સ્નેચરો બિન્દાસ્ત બનતા જાય છે તેમ પોલીસ ચોપડે દર આંતરે દિવસે નોંધાતા ચેઈન સ્નેચીંગના ગુનાઓ પરથી ચોકકસપણે કહી શકાય. આજે સવારે પણ સેક્ટર-૨ નાં રીંગરોડ પર વધુ એક ચેઈન સ્નેચીંગનો કિસ્સો બનવા પામ્યો છે. સ્કુટી પર બેસીને મહિલા તેણીની સખી સાથે રીંગરોડ પરથી પસાર થઈ રહી હતી તે દરમિયાન પાછળથી બાઈક લઈને આવેલા બે શખ્સોએ ચાલુ બાઈકે મહિલાના ગળામાં હાથ મારીને રૂ. ૧૨ હજારની કિંમતનો દોરો આંચકી લીધો હતો અને ત્યાંથી ફરાર થઈ ગયા હતાં. સે-૭ પોલીસે મહિલાની ફરિયાદ મુજબ બે અજાણ્યા ચેઈન સ્નેચેરો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

શહેરના સેક્ટર-૨-ડી પ્લોટ નં. ૧૭૪૭/૧ ખાતે રહેતા અલ્કાબેન નરેન્દ્રદાન ગઢવી આજે સવારે સવા નવ વાગ્યાના સુમારે તેમની સખી સાથે સ્કુટી લઈને સે-૨ રીંગરોડ પરથી પસાર થઈ રહ્યા હતાં. સે-૨-ડીના રીંગરોડ પર બંને એક સ્કુટીમાં જતા હતા તે દરમિયાન પાછળથી એક બાઈક તેમની નજીક આવ્યું જેમાં બે શખ્સો બેઠા હતાં તે પૈકીના પાછળ બેઠેલા શખ્સો ચાલુ બાઈકે અલ્કાબેનની નજીક જઈને ગળામાં હાથ માર્યો અને અને ગળામાં પહેરેલો સોનાના પેંડલ વાળો દોરો (કિં. રૂ. ૧૨ હજાર) નો ખેંચી લીધો હતો. અલ્કાબેનો બુમાબુમ કરતા આસપાસના રહીશો દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં ચેઈન સ્નેચેરો ફરાર થઈ ગયા હતાં. અલ્કાબેનની ફરિયાદ મુજબ ગુનો નોંધીને સે-૭ પીએસઆઈ એ.કે. ભરવાડે વધુ તપાસ હાથ ધરી છે.



જમાનો રેડીમેડ વસ્તુઓનો છે. ગૌરી વ્રત નિમિત્તે પૂજન માટે ઉપયોગમાં લેવામાં આવતા જવારા પણ હવે રેડીમેડ મળે છે, જેની ખરીદીમાં બુધવારે તેજી જોવા મળી હતી. (તસવીર : દિપક જાની)

# સર્વજ્ઞાતિ જીવનસાથી પત્રિકા તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૧૭

સૌરભ સામાજિક વિકાસ સંસ્થા દ્વારા સર્વજ્ઞાતિના અપરિણિત યુવક-યુવતિઓને યોગ્ય જીવનસાથીની પસંદગી માટે તક મળે તે માટે સર્વજ્ઞાતિ જીવનસાથી પત્રિકા તૈયાર કરવામાં આવશે.

સૌરભ સામાજિક વિકાસ સંસ્થાના કન્વિનર એમ. કે. ચૌહાણે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્યમાં સર્વજ્ઞાતિના યુવક-યુવતિઓને યોગ્ય જીવનસાથી મળે તે માટે ભાગરૂપે જીવનસાથી પત્રિકા તૈયાર કરવામાં આવનાર છે. આ માટે સર્વેજ્ઞાતિ મિત્ર મંડળના ઉપક્રમે અપરિણિત યુવક-યુવતિઓને ફોર્મ મેળવી સમયસર મોકલી દેવા જણાવાયું છે. જીવનસાથી પસંદગી પત્રિકાનો લાભ લેવા પ્લોટ નં. ૧૭૯/૨, સે. ૧૪ માં ૯૪૨૭૦૫૬૮૪૫ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

# અવસાન નોંધ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના સેક્ટર-૨-બી પ્લોટ નં. ૧૩૬૭/૧ ખાતે રહેતા જયેન્દ્રભાઈ ગોકળદાસ પારેખના પિતાશ્રી સ્વ. ગોકળદાસ આત્મારામ પારેખનું તા. ૧૨-૭-૧૩ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૮-૭-૧૩ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન લીંબચમાતાજીના મંદિરે સેક્ટર-૧૩ ખાતે રાખેલ છે.

# આવતીકાલે કરાર આધારિત વ્યાખ્યાતાની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીના તાબા હેઠળની સરકારી કોલેજોમાં કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની ભરતીમાં વય મર્યાદાના કારણે ઉમેદવારી નોંધાવવાથી વંચિત રહેલા ઉમેદવારોની એક તાકીદની બેઠક ઉદ્યોગભવન ગાર્ડન, ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાની બાજુમાં ઘ-૪ સર્કલ નજીક સેક્ટર-૧૧ ખાતે તા. ૧૯ જુલાઈ-૨૦૧૩ને શુક્રવારના રોજ રાખવામાં આવી છે.

આ મિટીંગમાં લાગતા વળગતા ઉમેદવારોએ અચૂક હાજર રહેવુ વધુ વિગત માટે ૯૪૦૮૫૮૪૨૧૦, ૮૧૪૧૦૭૦૦૧૩, ૯૯૨૪૨૮૩૬૬૪ ઉપર સંપર્ક કરવો.

# છાલા ગામની ૧૬ વર્ષીય કિશોરી લાપતા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર નજીક આવેલા છાલા ગામમાં રહેતી ૧૬ વર્ષીય કિશોરી ધર્મિષ્ઠા મનુભાઈ વસાવા ૭મી જુલાઈના રોજ ઘરેથી ગુમ થઈ જવા પામી હતી. તેણીને ગુમ થયાને ૧૦ દિવસ થઈ ગયા બાદ પણ કોઈ સગડ મળ્યા નથી. લાત્તા કિશોરીના પિતાની અરજીનો આધારે ચિલોડા પોલીસમથકના પીએસઆઈ પી.જે. પંડ્યાએ શોધખોળ શરૂ કરી છે. કિશોરી રંગ શ્યામ વર્ણની પાતળા બાંધાની અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેણીએ જાંબલી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે અને હાથે અંગ્રેજીમાં 'ડી' લખ્યું છે.

# આજે જેસીઆઈ દ્વારા મોટીવેશન અને લીડરશીપ વિષય પર સેમિનાર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરના યુવાનોના વ્યક્તિત્વ વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતી સંસ્થા જે.સી.આઈ. દ્વારા 'મોટીવેશન અને લીડરશીપ' વિષય ઉપર તાલીમ કાર્યક્રમનું આયોજન ૧૮-૭-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું છે. તાલીમમાં ભાગ લેવા ઈચ્છુક યુવાનોએ જે.સી.આઈ. ગાંધીનગરના પ્રમુખ કેતન નિર્મલ મોબાઈલ નં. ૯૯૨૪૨૨૩૨૯૯ સંપ્રક કરી ફ્રી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તાલીમ સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન કલ્પવૃક્ષ તાલીમ કેન્દ્ર સેક્ટર-૨૫, જીઆઈડીસી ખાતે વિષય નિષ્ણાંત નિવૃત્ત વિંગ કમાન્ડર શ્રી રાકેશ પ્રશાર દ્વારા આપવામાં આવશે. તેમ જે.સી.આઈ.ના પ્રમુખ કેતન નિર્મલે જણાવ્યું છે.

# પોલીસ કોન્સ્ટેબલે દારૂ પીને ધમાલ મચાવી

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને લેકાવાડા ગામમાં રહેતા પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ બચુજી વાઘેલાએ ગત મોડી રાત્રે અઢી વાગ્યે દારૂના નશામાં પ્રેસ સર્કલ પાસે અકસ્માત સર્જીને ધમાલ મચાવી દીધી હતી. જે કારણે આદિવાડાના ગ્રામવાસીઓનું ટોળું કોન્સ્ટેબલને પોલીસ સ્ટેશન સુધી લઈ ગયું હતું. સે. ૨૧ પોલીસ મથકના ડીવાયએસપી કોમલબેન વ્યાસે કોન્સ્ટેબલ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રીક્ષામાંથી ટાયરો ચોરી જતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૭

દસેક દિવસ પહેલાં સેક્ટર-૨૪ ખાતે રહેતા રીક્ષા ચાલક શંભુસિંહ ચુડાવતની ઘ-૫ સર્કલે પડેલી પેસેન્જર રીક્ષામાંથી ત્રણ ટાયરોની ચોરી થઈ જવા પામી હતી. આ સંદર્ભે સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

પોલીસની ટીમે આજે ટાયર ચોરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. સે-૨૫ના છાપરામાં રહેતા રજની રમેશ ચેખલીયા, સે-૨૪ ડબલ ડેકર ખાતે રહેતા પુરુષોત્તમ ઉર્ફે સુનીલ મારણ તૈલી નામના બંને ટાયરચોરો પાસેથી ત્રણેય ચોરીના ટાયર રિકવર કરવામાં આવ્યા છે.

# સે. ૨૧ પોલીસે દરોડા પાડીને ૧૩ જુગારીઓને ઝડપી પાડ્યા

## બે અલગ અલગ દરોડામાં કુલ બાવન હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સે. ૨૧ પોલીસની ટીમે બાતમીને આધારે બે અલગ અલગ સ્થળોએ દરોડા પાડીને ૧૩ જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. સેક્ટર-૨૪ના બગીચામાં અને સેક્ટર-૨૮ જીઆઈડીસીના કલ્પતરૂ બકરા ગોડાઉનમાં પોલીસે દરોડા પાડ્યા હતા અને રૂા. ૫૨,૧૫૦ના મુદ્દામાલ સાથે કુલ ૧૩ જુગારીઓની ધરપકડ કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ડીવાયએસપી કોમલબેન વ્યાસની સૂચનાથી સે. ૨૧ પોલીસની ટીમ જુગારની બાતમીઓ મેળવવા સક્રિય થઈ ગઈ હતી. દરમ્યાન સે. ૨૧ પીએસઆઈ પી જે સોલંકીને ગઈ સાંજે બાતમી મળતાં સે. ૨૪ બગીચામાં રેડ પાડી હતી. ખુલ્લેઆમ બાજી રમતા છ શખ્સોને પકડી પાડ્યા હતા જેમાં સે. ૨૫ સહકાર કોલોનીમાં રહેતા કેશા ઉકાજી મારવાડી, સે. ૧૫ ફતેપુરાના મુકેશ કનુ રાવળ, સે. ૨૪ ઈન્દિરાનગરના છાપરામાં રહેતા ભારમખાન પંગરેખાન બલોચ, સરદારજી ગોપાજી વણઝારા, ગોકુલપુરા સામેના નારણનગરના જેઠા લોભા મારવાડી અને સે. ૨૪ સત્યમ ફલેટના રજની જયંતી સોલંકી મળીને છ જુગારીઓની રૂા. ૫,૬૭૦ રોકડા, રૂા. ૩૭૦૦ની કિંમતના પાંચ મોબાઈલ ફોન મળીને કુલ રૂા. ૯૩૭૦ના મુદ્દામાલ સાથે છ શખ્સોની ધરપકડ કરી લીધી હતી.

દરમ્યાન આજે સાંજે પીએસઆઈ પી જે સોલંકીને બાતમી મળતાં તેમની ટીમના કોન્સ્ટેબલ રતનસિંહ, ચતુરસિંહ, રાજેન્દ્રસિંહ, નરેશભાઈ અને રમેશભાઈની ટીમે સેક્ટર-૨૮ જીઆઈડીસી ગોવા ગુટખાની સામે કલ્પતરૂ બકરા ગોડાઉનમાં દરોડો પાડ્યો હતો. ગોડાઉનમાં જુગાર રમતા મૂળ આસામના અને કલ્પતરૂમાં નોકરી કરતા મિન્ટો લંકેશર કનોર રહે. આદીવાડ ાઅને રાજુ લાલબહાદુર ખત્રી રહે. આદિવાડા સહિત અન્ય પાંચ શખ્સો - આદિવાડાના રણજીત ગીની દંતાણી, સે. ૨૮ કલ્પતરૂ બકરા ગોડાઉનમાં રહેતા પપલુ હરીધન ઘોષ, પાલના બિહોલા સંજય બળદેવસિંહ અને પેથાપુરના વાઘેલા કાળુ રણજિતસિંહ મળીને સાતેય આરોપીઓની રોકડ રૂા. ૧૧,૭૮૦, ચાર નંગ મોબાઈલ અને બાઈક મળી કુલ રૂા. ૪૨,૮૭૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લેવામાં આવી હતી.



બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં કો-ઓપ્ટ થયેલા ગાંધીનગરના એડવોકેટ લાલસિંહ ગોહિલનું અભિવાદન બુધવારે ગાંધીનગર કૉર્ટ સંકુલ ખાતે એડવોકેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : દિપક જાની)

# સ્વામીને યુવતી સપ્લાય કરનારને હોસ્પિટલ લઈ જવો પડયો

## ધરપકડ બાદ છાતીમાં દુઃખાવો શરૂ થઈ ગયો

ગાંધીનગર, તા. ૧૭

કલોલની સ્વામિનારાયણ ગુરુકુળમાં સ્વામિ નિલકંઠનો સેક્સ કાંડ બહાર આવ્યાને મહિના બાદ બ્લેકમેલીંગ કેસમાં વોન્ટેડ વિજાપુરનો શખ્સ ચંદા શાહ (યુવતી સપ્લાયર) ગઈ કાલે ઝડપાઈ ગયો હતો. પોલીસે તેની ધરપકડ કરીને પુછપરછ કરી હતી. અચાનક તેને છાતીમાં દુઃખાવો શરૂ થઈ જતાં સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. ચંદા શાહે બ્લેકમેલીંગમાં સંડોવાયેલા વધુ બે શખ્સોના નામ ખોલ્યા છે.

કલોલના ચકચારી સ્વામિ સેક્સ ક્લીપીંગ કાંડમાં ગઈકાલે કલોલ તાલુકા પીઆઈ બી.એન. દવેએ મુખ્ય સુત્રધાર વિજાપુરના ચંદ્રકાન્ત ઉર્ફે ચંદા શાહની ધરપકડ કરી લીધી હતી. ચંદા શાહ સ્વામિને યુવતીઓ ગુરુકુળમાં સપ્લાય કરતો હતો અને તેણે જ યુવતી પાસે કલીપીંગ ઉતાવડાવીને બ્લેકમેલીંગ શરૂ કર્યુ હતુ. આ આરોપીની ધરપકડ કરી લીધા બાદ પોલીસે પુછપરછ કરતાં બ્લેકમેલીંગ કેસમાં બીજા બે આરોપીઓના નામ બહાર આવ્યા છે. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે. દરમ્યાન ચંદા શાહને છાતીમાં દુઃખાવો શરૂ થઈ જતાં તેને સિવિલ હોસ્પિટલમાં લઈને પોલીસે દોડવુ પડ્યું હતું.

# ભાજપ દ્વારા પ્રાર્થના સભા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર/ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા ઉત્તરાખંડમાં ચારધામની કુદરતી આફતની માસીક પૂર્ણતીથી નિમિત્તે પ્રાર્થના સભાનું આયોજન શ્રી કમલમ્ ખાતે કરવામાં આવ્યું હતું.

૧૬ જુલાઈના રોજ ઉત્તરાખંડમાં ચારધામની યાત્રાએ ગયેલ યાત્રીકોના અવસાનને આજે એક મહિનો પૂર્ણ થયો. આ કુદરતી આફતમાં અવસાન પામનાર યાત્રીકોને શ્રદ્ધાંજલિ આપવા માટે ભાજપ મહાનગર જિલ્લા દ્વારા સેક્ટર-૨૧ કમલમ્ ખાતે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાવોલના સંતશ્રી મધુસુદન દાસજી, પ્રદેશ આગેવાન શ્રી કે.સી. પટેલ, શ્રી ભગવાનદાસ પંચાલ, શ્રી ઝવેરભાઈ ચાવડા, મહાનગરના અધ્યક્ષશ્રી નીતિનભાઈ પટેલ, જિલ્લા અધ્યક્ષ નૈલેષભાઈ શાહ, મહાનગરપાલીકાના મેયરશ્રી, ડે. મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન અને ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલની ઉપસ્થિતિમાં બહેનો દ્વારા પ્રાર્થના કરવામાં આવી. સંતશ્રી મધુસુદન દાસજી મહારાજે સદ્‌ગતના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાજભ મહાનગરના તમામ પદાધિકારીશ્રીઓ, સક્રિય કાર્યકર્તાઓ, પ્રાથમિક સભ્યો ભાઈઓ બહેનો ઉપસ્થિત રહી સદ્‌ગત આત્માને શાંતિ માટે શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા. સમગ્ર સભાએ બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરી અંતે સૌએ શાંતિ મંત્રનો મંત્રોચ્ચાર કરી દરેક યાત્રાળુઓને ભાગવત ગીતાની ચોપડી આપવામાં આવી. ગાંધીનગર શહેરના યાત્રી સ્વ. ધીરૂભાઈ પટેલ, સેક્ટર-૧૨-સીના પરિવારજનોની ઉપસ્થિતિમાં ૪૫ જેટલા યાત્રાળુની હાજરી સાથે સ્વ. ધીરૂભાઈને ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર/ગાંધીનગર જિલ્લા ભાજપ દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૧

સૂર્યાસ્ત : ૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૦ ટકા ● સાંજે ૮૫ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

પૅસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦

ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦

: સ્ક્રીન-૨ :

લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦

પોલીસગીરી : ૧.૦૦

રાંઝણાઃ ૬.૪૫

: સ્ક્રીન-૩ :

ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

### સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

પોલીસગીરીઃ ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫

ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

### ચિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કાર્યોમાં પરિણામ શુભ આવશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. કૌટુંબિક જવાબદારીનું ધ્યાન રાખવું. આપના દ્વારા કરાયેલા પૂર્વના કાર્યોનું ફળ પ્રાપ્ત થવાની સંભાવના છે.

**વૃષભ** : આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થશે. દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. બીજાની સાથે નકામા ન સંકળાવું. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નવા વ્યાપારિક કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થશે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડનો યોગ. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : જમીન સંબંધી કાર્ય બનવાનાં યોગ છે. નવી યોજનાનો પ્રારંભ થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : વહીવટના ક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો યોગ. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ વધશે. શારીરિક પીડા થઈ શકે છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે.

**મકર** : બીજાના વિશ્વાસમાં ન આવવું. ધન સંચય થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. આપનો આત્મવિશ્વાસ અડગ થશે.

**કુંભ** : મહત્વના કાર્ય થશે. નવા વિચાર કે યોજના પર ચર્ચા થશે. મિત્રો અને સહયોગીઓ અને વ્યાપારમાં ભાગીદારો પર વધારે વિશ્વાસ નુકશાન કારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

**મીન** : માનસિક સંતોષ, પ્રસન્નતા રહેશે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ ન થાય તેની કાળજી લેવી.

## ચિરવિદાય

- સ્વ. કિરીટભાઈ ચીનુભાઈ ભાવસાર (ઉ.વ.૬૧)પ્લોટ નં. ૧૫૧/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેકટર-૨૫, ગાંધીનગર.
- સ્વ.રંજનબેન પ્રતાપજી ઠાકોર (ઉ.વ.૩૬)મુ.પો. મુબારકપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રિયસમી સુબ્રમણિયમ (ઉ.વ.૪૫)૧૪, શાલીન-૨, મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. અંબાબેન ઈશ્વરલાલ મકવાણા (ઉ.વ.૭૪)પ્લોટ નં. ૧૫૧/૨, સેકટર-૪/એ, ગાંધીનગર.